# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************************************

- ✓ કેન્દ્રીય મંત્રિમંડળે દેશમાં ત્રણ નવા મેટ્રો રેલ પ્રોજેક્ટ અને બે નવા હવાઈમથકના નિર્માણને મંજૂરી આપી છે
- ✓ કોલકતામાં તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં આજે દેશભરની સાથે રાજ્યમાં તબીબોની હડતાળ.. અમદાવાદમાં આજે કેન્ડલ માર્ચ યોજાશે..
- ✓ ભારત આજે ત્રીજી વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ શિખર સંમ્મેલનની વર્ચ્યુઅલ માધ્યમથી યજમાની કરશે
- ✓ જમ્મુ અને કાશ્મીરમા આગામી મહિનાની 18મી તારીખથી 3 તબક્કામાં અને હરિયાણા પહેલી ઓક્ટોબરે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે.
- ✓ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને રોકવા માટે કતારની રાજધાની દોહામાં યોજાયેલી મંત્રણા અનિર્ણિત રહી છે.

****************************************************

# CABINET- METRO AIRPORT

કેન્દ્રીય મંત્રીમંડળે ત્રણ નવા મેટ્રો રેલ પ્રોજેક્ટ અને બે નવા હવાઈમથકના નિર્માણને મંજૂરી આપી છે. મેટ્રો રેલ પ્રોજેકટમાં બેંગલુરુ મેટ્રોનો ત્રીજો તબક્કો, થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને પૂણે મેટ્રોના પહેલા તબક્કાના સ્વારગેટથી કટરાજ સુધીના વિસ્તારનો સમાવેશ થાય છે.

બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે હવે 21 શહેરોમાં મેટ્રો રેલ સુવિધા છે જ્યારે 10 વર્ષ પહેલા તે માત્ર પાંચ શહેરોમાં જ હતી. તેમણે કહ્યું કે નેટવર્ક લંબાઈના  સંદર્ભમાં ભારત ત્રીજા ક્રમે છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે બેંગલુરુ મેટ્રો રેલ પ્રોજેક્ટનો ત્રીજો તબક્કો 2029 સુધીમાં કાર્યરત થશે. આ તબક્કામાં લગભગ 45 કિલોમીટરની મેટ્રો લાઇન  જોડવામાં આવશે, જે બેંગલુરુ શહેરના દક્ષિણ વિસ્તાર, આઉટર રિંગ રોડ વેસ્ટ, માગદી રોડ અને આસપાસના વિસ્તારોમાં મેટ્રો સેવા પૂરી પાડશે.

મહારાષ્ટ્રમાં થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો પ્રોજેક્ટનો 29 કિલોમીટરનો કોરિડોર 2029 સુધીમાં કાર્યરત થશે અને થાણેની પશ્ચિમે 22 સ્ટેશનો સાથે નિર્માણ કરવામાં આવશે. જેમાં નૌપાડા,  વાગલે એસ્ટેટ, ડોંગરીપાડા, હિરાનંદાની એસ્ટેટ, કોલશેત અને સાકેતને મેટ્રો સેવા સાથે જોડાશે. પૂણે મેટ્રોના પ્રથમ તબક્કાને સ્વારગેટથી કટરાજ ભૂગર્ભ લાઇન સુધી લંબાવવાથી  શહેરના ટ્રાફિકને નોંધપાત્ર રીતે ઘટાડવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટ ફેબ્રુઆરી, 2029 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

મંત્રીમંડળે બિહારના બિહટા અને પશ્ચિમ બંગાળના બાગડોગરામાં સિવિલ એન્ક્લેવને પણ મંજૂરી આપી છે. તેનાથી બાગડોગરા અને બિહતા હવાઈમથકની ક્ષમતામાં વધારો થશે. બિહતા હવાઈમથક પર સૂચિત સંકલિત ટર્મિનલ બિલ્ડિંગ દર વર્ષે 50 લાખ મુસાફરોની અવરજવરને સરળ બનાવશે અને આગામી વર્ષોમાં પટના હવાઈમથક પરના ટ્રાફિકમાં ઘટાડો કરશે.

..............................................................................

# DOCTORS STRIKE

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશભરની સાથે સાથે વિવિધ રાજ્યભરમા તબીબોએ હડતાળની જાહેરાત કરી છે.

ગુજરાતમાં અમદાવાદ મેડિકલ એસોસિએસન દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી છે. આજે સવારે છ વાગ્યાથી લઇને ૧૮ તારીખ સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે.. જ્યારે અમદાવાદમાં સાતસો તબીબો રેલી યોજીને પોતાનો વિરોધ વ્યક્ત કરશે. આ ઉપરાત અમદાવાદ મેડિકલ એસોસિએશનની ઓફિસથી લઇને ઇન્કમટેક્ષ સર્કલ સુધી સાંજે કેન્ડલ માર્ચ યોજાશે. કોલકતાની ઘટનામાં દોષિતો સામે કડક કાર્યવાહી અને ન્યાય તેમજ તબીબોની સલામતીની માંગણી સાથે આ હડતાળ કરવામાં આવી રહી છે..

બીજી તરફ, કોલકતાની ઘટનાના વિરોધમાં સુરત અને ભાવનગરમાં પણ તબીબોએ રેલી યોજીને હડતાળ કરી હતી તેમજ આ પ્રકરણમાં ન્યાયની માંગણી કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. અન્ય રાજ્યોની વાત કરી તો પટના મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અને નાલંદા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિવાસી ડોકટરો ગઈકાલથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી ગયા હતા. મહારાષ્ટ્ર એસોસિએશન ઑફ બોન્ડેડ રેસિડેન્ટ ડૉક્ટર્સ અને રાજ્યમાં મેડિકલ ઇન્ટર્ન્સનું સંગઠન પણ તીવ્ર હડતાળમાં જોડાયું હતું.

દરમિયાન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશને આજે સવારે 6 વાગ્યાથી 24 કલાક માટે દેશવ્યાપી નોન-ઈમરજન્સી સેવાઓ પાછી ખેંચવાની જાહેરાત કરી છે. તબીબી સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આવશ્યક સેવાઓ જાળવવામાં આવશે અને અકસ્માત વોર્ડ કાર્યરત રહેશે.

..................................................................

# CEC-ASSEMBLY-POLL-EARLY

જમ્મુ અને કાશ્મીરમાં આગામી મહિનાની 18મી તારીખથી ત્રણ તબક્કામાં અને હરિયાણામાં 1લી ઓક્ટોબરે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. મતગણતરી 4 ઓક્ટોબરે હાથ ધરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં આ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ તબક્કાનું મતદાન આવતા મહિનાની 18મીએ, બીજા તબક્કાનું 25મીએ અને ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન 1લી ઓક્ટોબરે થશે. શ્રી રાજીવ કુમારે જણાવ્યું હતું કે, પંચે તાજેતરમાં જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે મુલાકાત લીધી હતી અને લોકોમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમણે કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરમાં મતદાન મથકો પર લાંબી કતારો એ વાતનો પુરાવો છે કે લોકો માત્ર પરિવર્તન જ ઈચ્છતા નથી પરંતુ તે પરિવર્તનનો ભાગ બનીને પોતાનો અવાજ ઉઠાવવા પણ ઈચ્છે છે.

ચૂંટણી કમિશનરે કહ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોએ લોકસભા ચૂંટણીમાં બુલેટને બદલે બેલેટ પેપર પસંદ કર્યું હતું. તેમણે કહ્યું કે, લોકો પોતાનું ભાગ્ય જાતે લખવા માંગે છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં બે કરોડથી વધુ મતદારો મતદાન કરી શકશે. 20 હજારથી વધુ મતદાન મથકો બનાવાશે.

..........................................................................

# AMIT SHAH CAA CERTIFICATE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં 188 લોકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરશે.

અમદાવાદ ખાતે યોજાયેલા આ વિશેષ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે એમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ કહ્યું, જે લોકોએ પાડોશી દેશોમાં દમનના કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે. આ પ્રમાણપત્રોનું વિતરણ નાગરિકતા સુધારા ખરડો એટલે કે, CAAના અમલીકરણની દિશામાં રાજ્યનું એક નિર્ણાયક પગલું સાબિત થશે.

..................................................................

# INDIA - GLOBAL SOUTH

ભારત આજે ત્રીજી વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ શિખર સમ્મેલનનું વર્ચ્યુઅલ માધ્યમથી યજમાની કરશે. સમ્મેલનની વિષયવસ્તુ છે – વધુ સારા ભવિષ્ય માટે સશક્ત ગ્લોબલ સાઉથ.  ગ્લોબલ સાઉથ દક્ષિણ આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકાના વિકાસશીલ દેશોને કહેવામાં આવે છે.

રાષ્ટ્રોના વડા અને સરકારના વડા ઉદ્ઘાટન સત્રમાં ભાગ લેશે. આ સત્રમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી પણ જોડાશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સમ્મેલનમાં સંઘર્ષ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા કટોકટી, આબોહવા પરિવર્તન અને ગ્લોબલ સાઉથની સમસ્યાઓ પર ચર્ચા કરવામાં આવશે.

શ્રી જયસ્વાલે એમ પણ કહ્યું કે, ભારત અને જાપાનના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓની બેઠક આ મહિનાની 20મી તારીખે નવી દિલ્હીમાં યોજાશે. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર ભાગ લેશે.

બાંગ્લાદેશ અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે સરકાર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી કે ત્યાંની સ્થિતિ ટૂંક સમયમાં સામાન્ય થઈ જશે જેથી હિંદુઓ અને અન્ય લઘુમતીઓ સુરક્ષિત રહી શકે.

..................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

..................................................................

# BJP OFFICE-BEARERS MEET

નવી દિલ્હીમાં આજે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધિકારીઓની બેઠક યોજાશે. પાર્ટી અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા તેની અધ્યક્ષતા કરશે. બેઠકમાં પાર્ટીના સભ્યપદ અભિયાન, સંગઠનની ચૂંટણી અને આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખો અને પ્રભારી મહામંત્રીઓ પણ ભાગ લેશે. લોકસભા ચૂંટણી બાદ ભાજપના અધિકારીઓની આ પ્રથમ બેઠક છે.

..................................................................

# GAZA CEASEFIRE TALKS

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને રોકવા માટે કતારની રાજધાની દોહામાં યોજાયેલી મંત્રણા અનિર્ણિત રહી છે.

કતાર, અમેરિકા અને ઈજિપ્તે એક સંયુક્ત નિવેદનમાં કહ્યું કે, યુદ્ધવિરામ કરારને ઝડપથી લાગુ કરવા માટે અમેરિકાએ નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

હવે ત્રણેય દેશો કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે આવતા સપ્તાહે ઇજિપ્તની રાજધાની કૈરોમાં મંત્રણા કરશે. હમાસ અને ઇઝરાયેલ વચ્ચેના કરાર માટે કતાર, અમેરિકા અને ઇજિપ્ત મધ્યસ્થતા કરી રહ્યા છે, પરંતુ તમામ યુદ્ધવિરામ વાટાઘાટો અત્યાર સુધી નિષ્ફળ ગઈ છે.

..............................................................

# VP - AP VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે આંધ્ર પ્રદેશમાં નેલ્લોરમાં અક્ષરા વિદ્યાલય અને કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. તેઓ સ્વર્ણ ભારત ટ્રસ્ટ અને મુપ્પાવરાપુ ફાઉન્ડેશનની પણ મુલાકાત લેશે. શ્રી ધનખડ વેંકટચલમ, નેલ્લોરમાં સ્વર્ણ ભારત ટ્રસ્ટના 23મા વાર્ષિક સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

..............................................................

# SUDAN-KILLED

સુદાનમાં સિન્નર પ્રાંતના એક ગામ પર અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઓછામાં ઓછા 80 લોકો માર્યા ગયા હતા. એક નિવેદનમાં સિન્નર યુથ ગેધરિંગે જણાવ્યું હતું કે, RSFએ પાંચ દિવસની ઘેરાબંધી પછી ગઈકાલે સિન્નર પ્રાંતના જલકની  ગામ પર હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 80 લોકો માર્યા ગયા હતા.

આ હુમલો ત્યારે થયો જ્યારે RSF એ ગામમાંથી છોકરીઓનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ લોકોના વિરોધને કારણે તે સફળ થઈ શક્યું નહીં. RSFએ હજુ સુધી આ ઘટના અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી.

સુદાનમાં 15 એપ્રિલ 2023 થી સરકાર સમર્થિત સુદાની સશસ્ત્ર દળ SAF અને બળવાખોર જૂથ રેપિડ સપોર્ટ ફોર્સીસ (RSF) વચ્ચે અથડામણ ચાલુ છે, જેના પરિણામે ઓછામાં ઓછા 16 હજાર 650 લોકોના મોત થયા છે. અમેરિકા, સાઉદી અને સ્વિસ મધ્યસ્થી દ્વારા આયોજિત યુદ્ધવિરામ વાટાઘાટો બુધવારે સ્વિટ્ઝર્લેન્ડમાં શરૂ થઈ હતી, જોકે સુદાનની સેનાએ ભાગ લેવા ના પાડી હતી.

..................................................................